# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-03-2024** **Midday : 1.20 to 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભૂતાનની બે દિવસીય મુલાકાતે પારો પહોંચ્યા  છે.
- દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કથિત દારૂ નીતિ કૌભાંડ કેસમાં સર્વોચ્ચ અદાલતમાંથી તેમની ધરપકડ અંગેની અરજી પાછી ખેંચી લીધી.
- સર્વોચ્ચ અદાલતે દિલ્હી દારૂ નીતિ કેસમાં ગત અઠવાડિયે ધરપકડ કરાયેલા બીઆરએસ નેતા કે. કવિતાને કોઈ રાહત આપવાનો ઇનકાર કર્યો છે.
- ISRO એ આજે કર્ણાટકમાં 'પુનઃઉપયોગી લોન્ચ વ્હીકલ' પુષ્પકને સફળતાપૂર્વક લેન્ડ કર્યું.
- આજે  વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે.
- ઈન્ડિયન પ્રીમીયર લિગ- આઈપીએલની આજથી ચેન્નાઈમાં શરૂઆત...

..........................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## REV PM BHUTAN ARRIVAL

પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી આજે ભૂતાનની બે દિવસીય મુલાકાતે પારો પહોંચ્યા  છે.  ભૂતાનના પ્રધાનમંત્રી શેરિંગ તોબગેએ પારો હવાઇ મથકે તેમનું સ્વાગત કર્યું હતું. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રી ભૂટાનના રાજા જિગ્મે ખેસર નામગેલ વાંગચુક અને ભૂટાનના ચોથા રાજા જિગ્મે સિંગે વાંગચુકને  મળશે અને  ભૂતાનના પ્રધાનમંત્રી  સાથે પણ વાતચીત કરશે.

પ્રધાનમંત્રી થિમ્પુમાં ભારતની સહાયથી બનાવવામાં આવેલી ગ્યાલ્ટસુએન જેત્સુન પેમા મધર એન્ડ ચાઈલ્ડ હોસ્પિટલનું ઉદ્ઘાટન કરશે. શ્રી મોદીની આ મુલાકાત ભારત અને ભૂતાન વચ્ચેના  નિયમિત ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનની પરંપરા અને પાડોશી પ્રથમની નીતિને અનુલક્ષીને યોજાઇ છે. અગાઉ શ્રી મોદીએ ભારત-ભૂતાન ભાગીદારીને વધુ મજબૂત કરવાના હેતુથી તેઓ ભૂતાનમાં વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપશે તેમ જણાવ્યું હતું.

સોશિયલ મીડિયાના માધ્યમથી ભૂતાનના રાજા અને પ્રધાનમંત્રી શેરિંગ તોબગે સાથે વાતચીત કરવા તેઓ આતુર હોવાનું જણાવ્યું હતું.

## REV. SC- KEJRIWAL HEARING

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કથિત દારૂ નીતિ કૌભાંડમાં સર્વોચ્ચ અદાલતમાંથી તેમની ધરપકડ સામેની અરજી પાછી ખેંચી લીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હવે તે પ્રોટોકોલ અનુસાર નીચલી કોર્ટનો સંપર્ક કરશે.

બીઆરએસ નેતા કે. કવિતાની અરજીને સર્વોચ્ચ અદાલત દ્વારા નકારી કાઢવામાં આવ્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. ગયા અઠવાડિયે આ જ કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. કવિતાના કેસની સુનાવણી કરતી એ જ બેંચને અરવિંદ કેજરીવાલની અરજીની સુનાવણી સોંપવામાં આવી હતી.

## DELHI – ASSEMBLY

દરમિયાન, દિલ્હી વિધાનસભાનું આજે મળનારું વિશેષ સત્ર રદ કરવામાં આવ્યું છે. ગૃહની આગામી બેઠક 27મી માર્ચે યોજાશે.

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની દારૂ કૌભાંડ કેસમાં ગઇકાલે ઇડી દ્વારા ધરપકડ કરાયા બાદ આ નિર્ણય લેવાયો હતો.

## KEJRIWAL - POLITICAL PARTY REAX

દરમિયાન શ્રી કેજરીવાલની ધરપકડ અંગે ભાજપના પ્રવક્તા સંબિત પાત્રાએ કહ્યું હતું કે શ્રી કેજરીવાલે તેમને જારી કરાયેલા નવ સમન્સને અવગણ્યા હતા, તેમણે સમન્સનું સન્માન કરવું જોઈએ.

આમ આદમી પાર્ટીના નેતા આતિશીએ સરકાર પર આરોપ લગાવતા AAPના ટોચના નેતાઓની ખોટા આરોપમાં ધરપકડ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. તેમણે સરકાર દ્વારા પ્રથમ વખત કોઈ વર્તમાન મુખ્યમંત્રીની ધરપકડ કરવામાં આવી હોવાનું કહ્યું હતું. શ્રી કેજરીવાલની બે વર્ષની તપાસ બાદ એક રૂપિયો પણ વસૂલવામાં આવ્યો નથી તેવા કેસમાં તેમની ધરપકડ કરવામાં આવી હોવાનો તેમણે આરોપ લગાવ્યો હતો.

કોંગ્રેસના નેતા કે. સી. વેણુગોપાલે કેન્દ્ર સરકાર અમલીકરણ એજન્સીઓનો દુરુપયોગ કરી રહી હોવાનો આરોપ મુકતાં કોંગ્રેસ આમ આદમી પાર્ટી અને અરવિંદ કેજરીવાલની સાથે હોવાનું જણાવ્યું હતું. આમ આદમી પાર્ટીના સભ્યોએ આજે દિલ્હીના જુદા જુદા વિસ્તારોમાં વિરોધ પ્રદર્શન કર્યું હતું.

## K KAVITHA- SC HEARING

સર્વોચ્ચ અદાલતે દિલ્હી દારૂ નીતિ કેસમાં ગત અઠવાડિયે ધરપકડ કરાયેલા બીઆરએસ નેતા કે કવિતાને કોઈ રાહત આપવાનો ઇનકાર કર્યો છે. સર્વોચ્ચ અદાલતે તેમને ટ્રાયલ કોર્ટમાં જવા કહ્યું છે.

ન્યાયાધીશ સંજીવ ખન્ના, એમએમ સુંદરેશ અને બેલા ત્રિવેદીની વિશેષ બેંચે કે. કવિતાની અરજી લેવાનો ઇનકાર કરતાં તેમણે એક સમાન નીતિનું પાલન કરીને નીચલી અદાલતમાંથી રાહત મેળવવા કહ્યું હતું. અદાલતે એમ પણ કહ્યું હતું કે તે લોકોને જામીન માટે તેઓ રાજકારણી હોવાથી અથવા તો તેઓ સીધા જ ઉચ્ચ અદાલતનો સંપર્ક કરી શકે તેવા હોવાથી તેમને સીધા જ ઉચ્ચ અદાલતનો સંપર્ક કરવાની મંજૂરી આપી શકતા નથી.

ઉલ્લેખનીય છે કે, કે. કવિતા તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી કે ચંદ્રશેખર રાવની પુત્રી છે, જેની ગયા શુક્રવારે ઇડી દ્વારા કથિત દારૂ નીતિ કૌભાંડમાં ધરપકડ કરવામાં આવી હતી.

## KARNATAKA-ISRO

ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન, ISRO એ આજે સવારે કર્ણાટકની ચિત્રદુર્ગ ટેસ્ટ રેન્જ ખાતે તેના 'પુનઃઉપયોગી લોન્ચ વ્હીકલ'

પુષ્પકને સફળતાપૂર્વક લેન્ડ કર્યું હતું. ISROના અધ્યક્ષ એસ સોમનાથે સોશિયલ મીડિયાના માધ્યમથી અવકાશયાનને સંપૂર્ણ ઓટોમેટિક મોડથી સંચાલન, લેન્ડિંગ અને ઇંધણ વ્યવસ્થાપનમાં ચલાવવા માટે ટીમને અભિનંદન આપ્યા હતા.

ISRO એ અવકાશયાન RLV-LEX-02 ના સફળ ઉતરાણ સાથે નેવિગેશન, કંટ્રોલ સિસ્ટમ્સ, લેન્ડિંગ ગિયર અને ડિલેરેશન સિસ્ટમ્સના ક્ષેત્રમાં ફરી એકવાર સ્વદેશી તકનીકોનું પ્રદર્શન કર્યું છે.

## WORLD WATER DAY

આજે વિશ્વ જળ દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. સ્વચ્છ પાણીના મહત્વને ધ્યાનમાં રાખીને આ વર્ષે 'સમૃદ્ધિ અને શાંતિ માટે પાણી' આ વિષયની થીમ સાથે ઉજવણી કરવામાં આવી રહી છે.

વિશ્વ જળ દિવસ અંતર્ગત દરેક નાગરિક સુધી પાણી પહોંચે તે સુનિશ્ચિત કરવા અને શાંતિ નિર્માણના માધ્યમ તરીકે પાણીને પ્રોત્સાહન આપવા આંતરરાષ્ટ્રીય સહયોગ માટે આહ્વાન કરે છે. આ સાથે જ વિશ્વભરમાં સહકાર અને ટકાઉપણાને પ્રોત્સાહન આપવા માટે પાણીની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂકે છે.

ઉલ્લેખનીય છે કે, સંયુક્ત રાષ્ટ્રએ સામાન્ય સભા 1992માં પર્યાવરણ અને વિકાસ પર સંયુક્ત રાષ્ટ્ર પરિષદની ભલામણોને અનુસરીને 1993માં 22 માર્ચને વિશ્વ જળ દિવસ તરીકે જાહેર કર્યો હતો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ વિશ્વ જળ દિવસ નિમિત્તે સોશિયલ મિડિયાના માધ્યમથી પાણી આપણા જીવન માટે મહત્વપૂર્ણ છે અને

સરકાર આ અમૂલ્ય સંસાધનને બચાવવા માટે પ્રતિબધ્ધ હોવાનું જણાવ્યું હતું.

## PREZ. - DAMODAR ROUT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ ઓડિશાના ભૂતપૂર્વ મંત્રી બીજુ જનતા દળ (BDJ)ના વરિષ્ઠ નેતા દામોદર રાઉતના નિધન પર શોક વ્યક્ત કર્યો છે. દામોદર રાઉતને આ મહિનામાં હાર્ટ એટેક આવ્યા બાદ છેલ્લા કેટલાક દિવસોથી તેમની હાલત ગંભીર હતી. તેઓ 82 વર્ષના હતા.

રાષ્ટ્રપતિ શ્રીમતી મુર્મુએ ઓડિશા અને દેશની પ્રગતિમાં શ્રી રાઉતના યોગદાનને હંમેશા યાદ કરવામાં આવશે, તેમ જણાવતા બીજેડીના દિગ્ગજ નેતાના પરિવાર અને અનુયાયીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી.

## KOLKATA-ED CONDUCTING RAIDS

કોલકત્તામાં શિક્ષકોની ભરતી કૌભાંડના સંદર્ભમાં EDએ આજે સવારથી રાજ્યના મંત્રી ચંદ્રનાથ સિંહાના બોલપુર નિવાસસ્થાન પર તપાસ હાથ ધરી છે. તેના પરિવારજનોની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. આ ઉપરાંત, ED કોલકાતામાં ચેતલા, લેક ટાઉન અને બિરાટી સહિત પાંચ સ્થળોએ તપાસ કરી રહી છે.

## J-K-ECOFRIENDLY-POLLING-STATION

જમ્મુ અને કાશ્મીરમાં કઠુઆ જિલ્લા ચૂંટણી કાર્યાલય અને વન વિભાગ દ્વારા સંયુક્ત રીતે સ્વીપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમારા સંવાદદાતાએ જણાવ્યું કે કાર્યક્રમ દરમિયાન જિલ્લાના સરહદી વિસ્તાર હીરાનગર ખાતે ઈકો-ફ્રેન્ડલી મતદાન મથકનું ઉદ્ઘાટન કરવામાં

આવ્યું હતું. તેનો હેતુ મતદારોમાં પર્યાવરણને અનુકૂળ પ્રથાઓને પ્રોત્સાહન આપવાનો છે.

## BIHAR BRIDGE COLLAPSE

બિહારના સુપૌલ જિલ્લામાં આજે સવારે કોશી નદી પર નિર્માણાધીન પુલનો એક ભાગ તૂટતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને 10 જણાં ગંભીર રીતે ઘાયલ થયા છે જ્યારે છ મજૂરો હજુ પણ કાટમાળમાં ફસાયેલા છે.

પોલીસ અધિક્ષકે આકાશવાણી સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, હાલ બચાવ કામગીરી ચાલી રહી છે. આ પુલ મધુબની અને સુપૌલ જિલ્લાઓ વચ્ચે રોડ લિંક ભારતમાલા પ્રોજેક્ટનો એક ભાગ છે.

## DELHI METRO – HOLI

દિલ્હીમાં હોળીના તહેવારના દિવસે રેપિડ મેટ્રો અને એરપોર્ટ એક્સપ્રેસ લાઇન સહિત દિલ્હી મેટ્રોની તમામ લાઇન પર બપોરે 2:30 વાગ્યા સુધી મેટ્રો સેવાઓ સ્થગિત કરવામાં આવી છે.

દિલ્હી મેટ્રો રેલ કોર્પોરેશનના જણાવ્યા અનુસાર, તમામ લાઇન પરના ટર્મિનલ સ્ટેશનોથી આ સેવાઓ બપોરે 2:30 વાગ્યે શરૂ થશે અને ત્યારબાદ સામાન્ય રીતે ચાલુ રહેશે.

## *IPL-DHONI*

ઈન્ડિયન પ્રીમીયર લિગ (આઈપીએલ)ની આજથી ચેન્નાઈમાં શરૂઆત થશે. ચેન્નાઈના એમએ ચિદમ્બરમ્ સ્ટેડિયમ ખાતે આજે સાંજે 8 વાગ્યે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે પ્રથમ ટી-

ટ્વેન્ટી મેચ રમાશે. ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડે ટૂર્નામેન્ટના પ્રથમ બે અઠવાડિયાનો સમયપત્રક જાહેર કર્યો છે.

ઉલ્લેખનીય છે કે, ગઈકાલે મહેન્દ્રસિંહ ધોનીએ રુતુરાજ ગાયકવાડને ચેન્નાઈ સુપર કિંગ્સની કેપ્ટનશિપ સોંપી છે. આ બીજી વખત છે જ્યારે ધોનીએ સુકાની પદ છોડ્યું છે. તેણે અગાઉ વર્ષ 2022માં રવિન્દ્ર જાડેજાને કેપ્ટનશિપ સોંપી હતી. આ જાહેરાત આઈપીએલની 17મી આવૃત્તિની પૂર્વ સંધ્યાએ કરવામાં આવી છે.

## World Table Tennis

ભારતના સાથિયાન જ્ઞાનસેકરને લેબનોનમાં રમાઈ રહેલી વર્લ્ડ ટેબલ ટેનિસ ફીડર બેરુત ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ ટાઇટલ જીતી લીધું છે. સાથિયાને ભારતના જ માનવ વિકાસ ઠક્કરને 3-1થી હરાવ્યો હતો.

અગાઉ, સાથિયાને સેમિફાઇનલમાં ચાઇનીઝ તાઇપેઇના ખેલાડીને પરાજય આપ્યો હતો. ભારતીય ખેલાડીઓએ ટુર્નામેન્ટમાં મેન્સ સિંગલ્સ અને મિક્સ્ડ ડબલ્સ કેટેગરીમાં બે ઓલ-ઇન્ડિયન ફાઇનલ સહિત ત્રણ ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું.